BOCHASANWASI SHRI AKSHARPURUSHOTTAM
SWAMINARAYAN SANSTHA
PUBLIC TRUST REG. NO. A/2500/AMDDAVAD.
H.O.: SHRI AKSHARPURUSHOTTAM SWAMINARAYAN CENTER, SHAHIBAUG, AMDAVAD-380 004.

TEL.: (91-79) 2562 5476
FAX : (91-79) 2562 5012
WEBSITE : www.swaminarayan.org
Email : info@swaminarayan.org

**તંત્રીશ્રી,** **તા. ૧૫-૧૨-૨૦૦૭**

## <u>પ્રેસ રીલીઝ</u>

- **હજારો હરિભક્તોની ઉપસ્થિતિમાં બી.એ.પી.એસ. શતાબ્દીના તૃતીય દિને અમદાવાદના આંગણે યોજાયો બાળદિન**
- **બાળકોના સર્વાંગી વિકાસમાં શિક્ષણ સાથે સંસ્કારઘડતરને અનિવાર્ય ગણાવતા પ્રમુખસ્વામી મહારાજ**
- **એક સાથે પંદરસો બાળકોએ સંસ્કાર, શિક્ષણ, સ્વાસ્થ્ય, સત્સંગ અને સંસ્કૃતિના મૂલ્યોને નૃત્ય - સંવાદ-પરેડ દ્વારા ઉજાગર કર્યા.**
- **શિક્ષણ અને વિવિધ ક્ષેત્રે આગવું સ્થાન ધરાવતા સંસ્થાના બાળકોને સન્માનિત કરતા પ્રમુખ સ્વામી મહારાજ**
- **સંપ-સુહૃદભાવ સાથે નિયમિત અભ્યાસ - નિયમ ધર્મમાં દૃઢતા - માતા-પિતા-દેશની સેવા કરવાના શપથ લેતા હજારો બાળકો.**
- **તા. ૧૬-૧૨-૨૦૦૭ ને રવિવારે સવારે પૂજ્ય પ્રમુખસ્વામી મહારાજ પ્રાતઃપૂજા બાદ ૧૭ નવયુવાનોને ત્યાગાશ્રમની દીક્ષા પ્રદાન કરશે.**

**અમદાવાદ : તા. ૧૫-૧૨-૨૦૦૭**

આજના બાળકો આવતીકાલના નાગરિકો છે. આવતી પેઢીઓને નેતૃત્વ પૂરું પાડનાર નાગરિકો એવા આ બાળકોના સર્વાંગી વિકાસ માટે કાર્ય કરતી બોચાસણવાસી શ્રી અક્ષરપુરૂષોત્તમ સ્વામિનારાયણ સંસ્થા (B.A.P.S.) દ્વારા અમદાવાદના આંગણે B.A.P.S.શતાબ્દી મહોત્સવની ઉજવણી થઈ રહી છે ત્યારે મહોત્સવનાં તૃતીય દિને બાળદિનની ભવ્ય ઉજવણી કરવામાં આવી હતી.

વિશ્વભરમાં ચાલતાB.A.P.S.ના ૫૪૦૦ થી વધુ બાલ મંડળોમાં લાખો બાળકો નિરંતર સંસ્કાર સિંચન અને ઉત્તરોત્તર સર્વાંગી વિકાસના પાઠ મેળવે છે. વ્યસનમુક્તિ અભિયાન દ્વારા સમાજને નિર્મળ કરાતા આ બાલમંડળો વર્ષો પૂર્વે બ્રહ્મસ્વરૂપ યોગીજી મહારાજે સ્થાપ્યા અને તેનો વિકાસ થઈ આજે સંસ્થાના શતાબ્દી પર્વે પરમ પૂજ્ય પ્રમુખસ્વામી મહારાજ તેમને સમાજ ઉત્થાનનાં પાયાના સોપાનો બનાવી સર્વાંગી વિકાસ કરી રહ્યા છે.

અમદાવાદના આંગણે યોજાઈ રહેલા સંસ્થાના શતાબ્દી મહોત્સવે ખાસ બાળકો દ્વારા સંચાલિત બાળદિન ઉપક્રમે સંસ્કાર-શિક્ષણ-આરોગ્ય-ચારિત્ર્ય-વિદ્યાભ્યાસ અને સમાજ ઉત્થાનના અનેક કાર્યક્રમો અને રંગારંગ સાંસ્કૃતિક નૃત્યોથી ઉપસ્થિત જંગી ભક્ત મેદની અભિભૂત બની હતી.

વિશ્વભરમાં B.A.P.S.દ્વારા આદિવાસી થી માંડી વિદેશની ધરતી પર સંસ્કાર પૂરા પાડતા બાલમંડળો ચાલી રહ્યા છે. આ બાલમંડળની પ્રવૃત્તિને મધ્યમાં રાખી સંતોના માર્ગદર્શન તળે ૧૫૦૦ જેટલા બાળકોએ સમગ્ર કાર્યક્રમ રજૂ કર્યો હતો. આદર્શ બાળસભા દ્વારા નાના નાના બાળકોએ વડિલોને પણ બાળસંસ્કાર જાગૃતિ પરત્વે વિચારતા કરી મૂકેલ.

પરમ પૂજ્ય પ્રમુખસ્વામી મહારાજની અધ્યક્ષતામાં દેશ -વિદેશના સંતો ત્થા હજારો હરિભક્તો આ બાળદિન પ્રસંગે ઉતરી પડ્યા હતા. સંસ્થાના ૨૦,૦૦૦ બાળકો દેશ-વિદેશથી તેનો લાભ લેવા આવ્યા હતા. સંસ્થાની સત્સંગ પ્રવૃત્તિના કન્વીનર

પૂજ્ય ઈશ્વરચરણ સ્વામીએ B.A.P.S. બાળપ્રવૃત્તિના પ્રારંભથી લઈ તેનાં વિકાસ, બ્રહ્મસ્વરૂપ યોગીજી મહારાજ અને વર્તમાન સમયે બાળકોનાં આદર્શ પ.પૂ. પ્રમુખસ્વામી મહારાજનો બાળપ્રવૃત્તિના વિકાસ માટે પુરૂષાર્થ, સંતો તથા કાર્યકરોની બાળપ્રવૃત્તિના વિકાસ માટે જહેમતની પ્રવચનમાં રજૂઆત કરી હતી.

ત્રણસો એકરમાં પથરાયેલા B.A.P.S.સ્વામિનારાયણનગરના વિશાળ ઓપન સભા ગૃહમાં ખીચોખીચ ભરાયેલ ભક્તમેદની બાળકો દ્વારા રજૂ થતા આયોજનબદ્ધ કાર્યક્રમોથી દંગ રહી ગઈ હતી.

બાલમંડળનાં બાળકોએ બાળપ્રવૃત્તિ મૂલ્યોની પરેડ કાઢીને સુપેરે રજૂઆત કરી હતી. સંસ્કાર, શિક્ષણ, સ્વાસ્થ્ય, સત્સંગ અને સંસ્કૃતિ દ્વારા ભારતીય સંસ્કૃતિના જતન માટે બાળસભા દ્વારા શીખવવામાં આવતા પાંચ મૂલ્યોને સમજાવવા પરેડમાં વિવિધ ફ્લોટસ સાથે વિવિધ રજૂઆત, વિવિધ નૃત્યો ત્થા ભારતની અસ્મિતા, સત્સંગને ઉજાગર કરતી પરેડ પૂર્ણ થઈ હતી.

બાળપ્રવૃત્તિમાં જવાથી થતા બાળઘડતરના વિકાસને તાદૃશ કરતા સંવાદમાં સંસ્કાર ઘડતરમાં બાળપ્રવૃત્તિનાં સકારાત્મક પરિણામો સાથે બાળકોમાં પ્રામાણિકતા, ભગવત શ્રદ્ધા, નિયમધર્મની દૃઢતા, માતા-પિતા પ્રત્યે આદરની ભાવપૂર્ણ રજુઆત નિહાળીને ઉપસ્થિત સૌ કોઈની આંખોમાં અશ્રુઓ વહેવા લાગેલ. સાથે ભગવાનમાં શ્રદ્ધા, પ્રમાણિકતા, નિયમધર્મમાં દૃઢતા અને વાલી પ્રત્યે આદર ને દર્શાવતો કાર્યક્રમ સૌ કોઈને જાગૃતિ આપનાર બની રહ્યો હતો.

આ કાર્યક્રમમાં વિવિધ ક્ષેત્રમાં તથા અભ્યાસ ક્ષેત્રમાં સિદ્ધિઓ પ્રાપ્ત બાળકોને પરમ પૂજ્ય પ્રમુખસ્વામી મહારાજે સન્માન્યા હતા.

વ્યસનમુક્તિ અભિયાન અંતર્ગત ફ્લોટસ સાથે બાળકોએ રેલી કાઢી વ્યસનમુક્તિના અનુભવો વર્ણવ્યા હતા.

બાળદિન ઉપક્રમે ચાઈલ્ડ કેર કાર્યક્રમ અંતર્ગત વિશ્વવ્યાપી બાળપ્રવૃત્તિની ઝલકવિડિયો શો દ્વારા રજૂ થઈ હતી.

બીજાના ભલામાં આપણું ભલું, સંસ્કૃતિનો વારસો, પ્રાર્થના, સેવા-સંયમ વિગેરે સદ્‌ગુણોની ભાવનાને અસંખ્ય બાળકોએ એક સાથે વિવિધ સ્ટેજ પર આકર્ષક વેશભૂષામાં રજુ કરી. ‘હમ B.A.P.S.કે બાલ પંખી રે…’ માં પંખી-પુષ્પો-પતંગિયા દ્વારા વિરાટ નૃત્ય રજૂ કરી અદ્‌ભુત કલાકૌશલ્યનું નિદર્શન કર્યું હતું.

બાળકોએ પ્રમુખસ્વામીશ્રીનું પોતાના પરનું વાત્સલ્ય કેવા કામણ કરે છે તેના પ્રસંગો રજૂ કર્યા હતા. બાળકો પ્રત્યે પરમ પૂજ્ય પ્રમુખસ્વામીશ્રીના વાત્સલ્ય તેમજ ઐહિક - માનસિક અને આધ્યાત્મિક ઘડતરના પ્રસંગો ભક્તોએ વીડિયો શો દ્વારા માણ્યા હતા.

બાળકોએ આ પ્રસંગે પોતાનામાં સંપ-સુહૃદભાવ -નિયમિત અભ્યાસ - નિયમ ધર્મમાં દૃઢતા, માતા પિતા ત્થા દેશની સેવા કરવાના નિયમો પરમ પૂજ્ય પ્રમુખસ્વામી મહારાજ સમક્ષ લીધા. ત્યારે સૌ કોઈ આ અદ્‌ભુત ક્ષણના સાક્ષી બન્યા હતા.

આ પ્રસંગે પરમ પૂજ્ય પ્રમુખસ્વામી મહારાજે આશીર્વાદ પાઠવતાં જણાવ્યું હતું કે આજે સંસ્થાના શતાબ્દી મહોત્સવે બાળકોએ બાળદિન ઉજવી સૌને રાજી કર્યા છે. બાળકો ના સંસ્કાર ઘડતર માટે યોગીજી મહારાજે બાલ મંડળો સ્થાપી સમાજ માટે એક આદર્શ પૂરો પાડ્યો છે. બાળકોમાં સંસ્કારનું ઘડતર કરવા માતા-પિતા અને સૌ કોઈએ જાગૃતિ કેળવવાની જરૂર છે. તેઓએ કહ્યું હતું કે આજે શિક્ષણ સાથે સંસ્કારનું ઘડતર અનિવાર્ય બનાવવાનું છે.

કાર્યક્રમના અંતમાં બાળકોએ સુંદર વેશભૂષામાં સજ્જ થઈ ‘જય સ્વામીનો જય ગાઓ…’ નૃત્ય કરી પ્રમુખસ્વામી મહારાજ દ્વારા જનજાગૃતિ અને બાળસંસ્કારના જગતમાં થઈ રહેલા જય જયકારના ગાનમાં ઉપસ્થિત હજારો ભક્તોને સામેલ કરી દીધા. સાથોસાથ નૃત્યના તાલ સાથ ગગન આતશબાજીથી છવાઈ ગયું હતું. જાણે કેB.A.P.S.ના હજારો બાળકોનાં સંસ્કાર - શિક્ષણ - સ્વાસ્થ્ય - સત્સંગ અને સંસ્કૃતિનાં મૂલ્યો હજારો તારલાઓ રૂપે સૌ કોઈને આકર્ષિત કરતા હતા.